# ગુજરાતનો મહાસંગ્રામ 2012



ઉમેદવારોની યાદી કોંગ્રેસે જાહેર કરતા અસંતોષનું મોજુ ભડકી ઉઠ્યુ હતુ. કલોલ અને અન્ય વિસ્તારના રહિશોએ દેખાવો કર્યા હતા.

## પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાને ચૂંટણી પંચની આચારસંહિતા ભંગની નોટીસ

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે કરેલા ઉચ્ચારણો બદલી ચૂંટણી પંચે કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાને ચૂંટણી આચારસંહિતા ભંગ અંગે નોટીસ પાઠવીને ખુલાસો કરવા જણાવ્યું છે.

થોડા દિવસો અગાઉ કોંગ્રેસ પક્ષ દ્વારા યોજાયેલા એક કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાએ પોતાના પ્રવચન દરમ્યાન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની વાનર સાથે સરખામણી કરતાં ઉચ્ચારણો કર્યા હતા.

અર્જુન મોઢવાડીયાએ કરેલા આ ઉચ્ચારણો સામે ભાજપે વાંધો ઉઠાવીને ચૂંટણી પંચ સમક્ષ આચારસંહિતા ભંગની ફરીયાદ કરી હતી.

જેના પગલે ચૂંટણી પંચ દ્વારા આજે કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાને આચારસંહિતા ભંગ અંગેની નોટીસ પાઠવીને એક સપ્તાહમાં જવાબ આપવા માટે જણાવાયુંહોવાનું સૂત્રો પાસેથી જાણવા મળે છે.

બીજી બાજુ તાજેતરમાં જ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના ૬ મહાનગરોને થ્રી-ડી દ્વારા સંમેલનો કરીને સંબોધન કર્યુ હતું. આ અંગે આજે ગુજરાત કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચને આચારસંહિતા ભંગ અંગેની ફરીયાદ કરી છે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચ સમક્ષ એવી રજુઆત કરવામાં આવી છે કે મુખ્યમંત્રી દ્વારા થ્રી-ડી ટેકનોલોજીથી ૬ મહાનગરોમાં યોજાયેલા સંમેલનને જે સંબોધન કર્યું હતું તે સંબોધન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સત્તાવાર મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી કર્યુ હતું. અને આચારસંહિતાનો ભંગ કર્યો છે. આથી તેમની સામે ફોજદારી કાર્યવાહી કરવા પણ માંગણી કરી છે.

## ડીવાયએમસીની પરીક્ષા હવે ૨૨ ડીસેમ્બરે લેવાનો નિર્ણય

### અકસ્માત નિવારવા માટે એએમટીએસ-બીઆરટીએસ ડ્રાયવરોને વિશેષ તાલીમ અપાશે : કમિશનરનો અભિપ્રાય

અમદાવાદ, તા. ૨૨

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ખાલી પડેલી ત્રણ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરોની જગ્યાઓ માટે આગામી તા. ૨૪મીએ લેવાનારી લેખિત પરીક્ષા સામે ચૂંટણી આચારસંહિતાના કારણે કોંગ્રેસ પક્ષે વાંધો લેતાં છેવટે આ પરીક્ષા મુલતવી રાખવાનો સત્તાવાળાઓએ નિર્ણય લીધો છે. ચૂંટણી પંચની મંજુરી બાદ હવે તા. ૨૨ ડીસેમ્બરે આ પરીક્ષા લેવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનર ડો. જી. મહાપાત્રએ આજે જણાવ્યું હતું કે, તાજેતરમાં બીઆરટીએસની બે બસોને થયેલા અકસ્માત બાદ સલામતીના વધુ કયા પગલાં લઈ શકાય તે માટે આજે એએમટીએસ અને બીઆરટીએસના ઉચ્ચ અધિકારીઓની બેઠક બોલાવામાં આવી હતી. જે બસોને અકસ્માત થયો તેના ટાયર નવા હતા અને તેમાં કોઈ સમસ્યા નહોતી. બીઆરટીએસની તમામ બસો માટે બસ દીઠ ૬૦ મુસાફરોનો વીમો કોર્પોરેશન દ્વારા લેવામાં આવે છે. અકસ્માતો નિવારવા માટે આઈટી સિસ્ટમ સુધારવામાં આવશે. આ ઉપરાંત એએમટીએસ અને બીઆરટીએસ ડ્રાયવરોને વિશેષ તાલીમ આપવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં બીઆરટીએસ બસના થતાં અકસ્માતોમાં અમદાવાદ બીઆરટીએસનું પ્રમાણ સૌથી ઓછું છે. આ ઉપરાંત ઘણીવાર કેટલાક લોકો બીઆરટીએસ કોરીડોરમાં ઘુસી જતાં હોવાથી અકસ્માત સર્જાય છે. માટે તેને રોકવાની જરૂર છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે હાલમાં શહેરમાં બીઆરટીએસનો દર ૫૧ કીલોમીટર લાંબો છે જે આગામી માર્ચ ૨૦૧૩ સુધીમાં ૮૦ કીલોમીટર થશે. થોડા સમય પહેલા ટાટા કંપનીની સળગી ઉઠેલી છ બસો બાદ કોર્પોરેશને તેને થર્ડ પાર્ટી પાસે બસોની ચકાસણી કરાવવાની સૂચના આપી છે.

## ચૂંટણીની વિવિધ મંજૂરી માટે હવે સિંગલ વિન્ડો સિસ્ટમ

ગાંધીનગર, તા.૨૨

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓને પગલે જિલ્લા કલેકટર કચેરી તેમજ ચારેય તાલુકામાં મામલતદાર કચેરી ખાતે ચૂંટણીની વિવિધ મંજૂરી માટે સિંગલ વિન્ડો સિસ્ટમ આજથી અમલી બનશે.

જિલ્લા કલેકટર કચેરી તેમજ મામલતદાર કચેરી ખાતે આ સિંગલ વિન્ડો સિસ્ટમ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ચૂંટણીની વિવિધ મંજૂરી માટે ઉમેદવારોને જુદી જુદી કચેરીઓમાં ફરવું ના પડે તે માટે મામલતદાર કચેરીમાં જ આર.ટી.ઓ., પોલીસ તેમજ અન્ય સંબંધિત કચેરીના પ્રતિનિધિઓ હાજર રહેશે. જેમાં સવારે અરજી આપ્યા બાદ સાંજ સુધીમાં મંજૂરીની પ્રક્રિયા સંપન્ન કરી દેવામાં આવશે.

## જનતાદળ (યુ) દ્વારા ૫૧ ઉમેદવારોની યાદી જાહેર

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જનતાદળ(યુ)એ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. જેમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની કેટલીક બેઠકોનો સમાવેશ થાય છે.


જનતાદળ(યુ)ના પ્રદેશ પ્રમુખ છોટુભાઈ વસાવાએ જણાવ્યું છે કે આજે ૫૧ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ભરૂચ જિલ્લાના ઝઘડિયા, વાગરા, અંકલેશ્વર, અને જંબુસર તથા નર્મદા જિલ્લાના નાંદોદ ડેડીયાપાડા, તાપી જિલ્લાના વ્યારા અને નિઝર તેમજ વલસાડ જિલ્લાના ધરમપુર, વલસાડ, પારડી, કપરાડા અને ઉમરગામની બેઠકોના ઉમેદવારોના નામો જાહેર કર્યા હતા.

આ ઉપરાંત સુરતના ઓડપાલ, માંગરોળ, માંડવી, લીંબાયત, સુરત પશ્ચિમ, ચોર્યાસી, કરજણ, બારડોલી, મહુવા અને કામરેજ તથા ડાંગ, સાણંદ, દસાડા, લીંબડી, વઢવાણ, ચોટીલા, ટંકારા, જામનગર ગ્રામ્ય, જામનગર નોર્થ, જામનગર સાઉથ, ખંભાળીયા, દ્વારકા, સાવરકુંડલા, રાજુલા, ગઢડા, બોટાદ, જસદણ, ગોંડલ સહિત કુલ ૫૧ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી.

## પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલ આજે ઉમેદવારી નોંધાવશે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ ૨૩મીએ બપોરે



૧૨.૩૯ કલાકે વિસાવદર બેઠક માટે ઉમેદવારી પત્ર ભરશે.

પક્ષના અન્ય અગ્રણીઓ શ્રી ગોરધન ઝડફિયા, શ્રી દિપકભાઈ કાશીરામ રાણા અને શ્રી સમીર શાહ સહિત ૧૧ ઉમેદવારો પણ ૨૩મીએ ઉમેદવારીપત્ર સંબંધિત વિસ્તારોમાંથી ભરશે. આજે દિવસ દરમિયાન ગાંધીનગર ખાતે કેશુભાઈ પટેલના નિવાસસ્થાને રાજ્યભરમાંથી ટિકિટવાંચ્છુઓની ભારે ભીડ જામી હતી. આજે સાંજે ૫૦થી વધુ ઉમેદવારોની સત્તાવાર જાહેરાત થવાની શક્યતા હતી પરંતુ કોઈ કારણોસર માત્ર ૯ ઉમેદવારોની જાહેરાત કરી બાકીના ઉમેદવારોની જાહેરાત આવતીકાલે કરાશે એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

## ભાજપના ઉમેદવારોની યાદી

| બેઠક નંબર | નામ | ઉમેદવારબેઠક નામ | બેઠક નંબર | નામ | ઉમેદવારબેઠક નામ |
|---|---|---|---|---|---|
| ૩૯ | વિરમગામ | પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ | ૧૦૨ | પાલીતાણા | મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ સરવૈયા |
| ૪૦ | સાણંદ | કમાભાઈ રાઠોડ | ૧૦૩ | ભાવનગર ગ્રામીણ | પરસોત્તમભાઈ એ. સોલંકી |
| ૫૮ | ધોળકા | ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા | ૧૦૪ | ભાવનગર પૂર્વ | વિભાવરીબેન વિજયભાઈ દવે |
| ૫૯ | ધંધુકા | લાલજીભાઈ મેર | ૧૦૫ | ભાવનગર પશ્ચિમ | જીતુભાઈ વાઘાણી |
| ૬૦ | દસાડા(અ.જા.) | પૂનમભાઈ કાળાભાઈ મકવાણા | ૧૦૬ | ગઢડા(એસ.સી.) | આત્મારામ પરમાર |
| ૬૧ | લીંબડી | કિરીટસિંહ જીતુભા રાણા | ૧૦૭ | બોટાદ | ડૉ. ટી.ડી. માણિયા |
| ૬૨ | વઢવાણ | વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૧૪૮ | નાંદોદ(એસટી) | શબ્દશરણભાઈ તડવી |
| ૬૩ | ચોટીલા | શામજીભાઈ ચૌહાણ | ૧૪૯ | ડેડિયાપાડા(એસટી) | મોતીભાઈ પુનિયાભાઈ વસાવા |
| ૬૪ | ધ્રાંગધ્રા | જયંતિભાઈ રામજીભાઈ કવાડીયા | ૧૫૦ | જંબુસર | છત્રસિંહ પૂંજાભાઈ મોરી |
| ૬૫ | મોરબી | કાન્તિભાઈ શીવલાલ અમૃતિયા | ૧૫૧ | વાગરા | અરુણસિંહ એ. રાણા |
| ૬૬ | ટંકારા | મોહનભાઈ કલ્યાણજી કુંડારિયા | ૧૫૨ | ઝઘડિયા(એસટી) | નરેન્દ્રભાઈ જી. વસાવા |
| ૬૭ | વાંકાનેર | જીતુભાઈ સોમાણી | ૧૫૩ | ભરૂચ | દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ |
| ૬૮ | રાજકોટ પૂર્વ | કશ્યપભાઈ ચીમનભાઈ શુકલ | ૧૫૪ | અંકલેશ્વર | ઈશ્વરભાઈ ઠાકોરભાઈ પટેલ |
| ૬૯ | રાજકોટ પશ્ચિમ | વજુભાઈ રૂડાભાઈ વાળા | ૧૫૫ | ઓલપાડ | મુકેશભાઈ પટેલ |
| ૭૦ | રાજકોટ દક્ષિણ | ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ | ૧૫૬ | માંગરોળ(એસટી) | ગણપતભાઈ વસ્તાભાઈ વસાવા |
| ૭૧ | રાજકોટ ગ્રામીણ(અ.જા.) | ભાનુબેન મનહરભાઈ બાબરિયા | ૧૫૭ | માંડવી(એસટી) | હેમલત્તાબેન મહેશભાઈ વસાવા |
| ૭૨ | જસદણ | ભરતભાઈ બોઘરા | ૧૫૮ | કામરેજ | પ્રફુલ્લભાઈ પાનસેરીયા |
| ૭૪ | જેતપુર | જસુમતીબેન સવજીભાઈ કોરાટ | ૧૫૯ | સૂરત પૂર્વ | રણજીતભાઈ ગીલીટવાળા |
| ૭૬ | કાલાવડ(અ.જા.) | મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા | ૧૬૦ | સુરત ઉત્તર | અજયભાઈ જસવંતલાલ ચોક્સી |
| ૭૭ | જામનગર ગ્રામીણ | આર. સી. ફળદુ | ૧૬૧ | વરાછા રોડ | કુમારભાઈ કાનાણી |
| ૭૮ | જામનગર ઉત્તર | મૂળુભાઈ હરદાસ બેરા | ૧૬૨ | કરજણ | જનકભાઈ મનજીભાઈ પટેલ |
| ૭૯ | જામનગર દક્ષિણ | વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી | ૧૬૩ | લિંબાયત | સંગીતાબેન રાજેન્દ્રભાઈ પાટીલ |
| ૮૦ | જામજોધપુર | ચીમનભાઈ ધરમસિંહ સાપરિયા | ૧૬૪ | ઉધના | નરોત્તમભાઈ ત્રિકમભાઈ પટેલ |
| ૮૧ | ખંભાળિયા | પૂનમબેન માંડમ | ૧૬૫ | મજુરા | હર્ષ રમેશભાઈ સંઘવી |
| ૮૨ | દ્વારકા | પબુભા વિરમભાઈ માણેક | ૧૬૬ | કતારગામ | નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી |
| ૮૩ | પોરબંદર | બાબુભાઈ ભીમાભાઈ બોખરિયા | ૧૬૭ | સૂરત પશ્ચિમ | કિશોરચંદ્ર રતિલાલ વાંકાવાળા |
| ૮૪ | કુતિયાણા | કરસનભાઈ દુલાભાઈ ઓડેદરા | ૧૬૮ | ચોર્યાસી | રાજાભાઈ પરભુભાઈ પટેલ |
| ૮૫ | માણાવદર | રતિભાઈ ગોરધનભાઈ સુરેજા | ૧૬૯ | બારડોલી(એસસી) | ઈશ્વરભાઈ રમણભાઈ પરમાર |
| ૮૬ | જૂનાગઢ | મહેન્દ્રકુમાર લીલાધર મશરૂ | ૧૭૦ | મહુવા(એસટી) | મોહનભાઈ ધનજીભાઈ ઢોલીયા |
| ૮૭ | વિસાવદર | કનુભાઈ ભાલાળા | ૧૭૧ | વ્યારા(એસટી) | પ્રભાતભાઈ બાબુભાઈ ગામીત |
| ૮૯ | માંગરોળ | રાજેશભાઈ નારણભાઈ ચુડાસમા | ૧૭૨ | નિઝર(એસટી) | કાંતિભાઈ રમેશભાઈ ગામીત |
| ૯૦ | સોમનાથ | રાજશીભાઈ વિરાભાઈ જોટવા | ૧૭૩ | ડાંગ(એસટી) | વિજયભાઈ રમેશભાઈ પટેલ |
| ૯૧ | તલાલા | ગોવિંદભાઈ વરજાંગભાઈ પરમાર | ૧૭૪ | જલાલપોર | આર. સી. પટેલ |
| ૯૨ | કોડીનાર(અ.જા.) | જે. ડી. સોલંકી | ૧૭૫ | નવસારી | પિયુષભાઈ દિનકરભાઈ દેસાઈ |
| ૯૩ | ઉના | કે. સી. રાઠોડ | ૧૭૬ | ગણદેવી(એસટી) | મંગુભાઈ છગનભાઈ પટેલ |
| ૯૪ | ધારી | મનસુખભાઈ પાંચાભાઈ ભુવા | ૧૭૭ | વાંસદા(એસટી) | નરેશભાઈ મગનભાઈ પટેલ |
| ૯૫ | અમરેલી | દિલીપભાઈ નાનુભાઈ સંઘાણી | ૧૭૮ | ધરમપુર(એસટી) | સુમિત્રાબેન બી. ચૌધરી |
| ૯૬ | લાઠી | વાલજીભાઈ ખોખરિયા | ૧૭૯ | વલસાડ | ભરતભાઈ કે. પટેલ |
| ૯૭ | સાવરકુંડલા | વલ્લભભાઈ વી. વઘાસિયા | ૧૮૦ | પારડી | કનુભાઈ દેસાઈ |
| ૯૮ | રાજુલા | હિરાભાઈ ઓધવસીભાઈ સોલંકી | ૧૮૧ | કપરાડા(એસટી) | પ્રકાશભાઈ શંકરભાઈ પટેલ |
| ૯૯ | મહુવા | ભાવનાબેન રાઘવજીભાઈ મકવાણા | ૧૮૨ | ઉમરગામ (એસટી) | રમણભાઈ નાનુભાઈ પાટકર |
| ૧૦૦ | તલાજા | ડૉ. ભારતીબેન ધીરુભાઈ શિયાળ | | | |

## કોંગ્રેસમાં અસંતોષની આગ

### દાણીલીમડા, જૂનાગઢ, કલોલ, સાવરકુંડલા, ખંભાળિયા, સુરેન્દ્રનગર તેમજ લીંબાયત વગેરે બેઠકના સ્થાનિક અગ્રણીએ એકાએક રાજીનામા આપી દીધાં

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા ૫૨ ઉમેદવારોની પ્રથમ સૂચિ જાહેર કરાતાં અસંતોષની આગ ભડકી ઉઠી છે. જેમાં અમદાવાદની દાણીલીમડા, જૂનાગઢ, કલોલ, સાવરકુંડલા, ખંભાળીયા સહિતની બેઠકો પર સ્થાનિક ઉમેદવારોને ટિકિટ નહીં આપવાના મુદ્દે જિલ્લા-તાલુકા કક્ષાના અનેક અગ્રણીઓએ રાજીનામા આપી દીધા છે. પ્રદેશ કોંગ્રેસમાં ડેમેજ કન્ટ્રોલની સીસ્ટમ નહીં હોવાને કારણે નારાજ બનેલા અગ્રણીઓને સમજાવવાળું કોઈ નહોતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કોંગ્રેસન બાવન બેઠકોના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર થતાંની સાથે જ દાણીલીમડા પર અસંતોષ વ્યાપી ગયો છે. જેમાં દાણીલીમડા બેઠક પર શૈલેષ પરમારને ટિકીય અપાતા તેના વિરોધમાં પ્રદેશ પ્રવક્તા જયંતિલાલ પરમાર, ઉપપ્રમુખ ગિરીશ પરમાર, ગુણવંત મકવાણા અને ખેમચંદ સોલંકી સહિતના આગેવાનો અને તેમના સમર્થકોએ રાજીનામા આપી દીધા છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ભલજીભાઈ સોલંકીએ પણ રાજીનામું આપી દીધું છે. જૂનાગઢ જિલ્લા કોંગ્રેસના અગ્રણી ગિરીશભાઈ કોટેચાએ પણ રાજીનામું આપવાની મિડિયા સમક્ષ વાત કરી છે. કલોલમાં પૂર્વ ધારાસભ્ય બળદેવજી ઠાકોરને ટિકીટ અપાતા તેના વિરોધમાં કલોલ તાલુકા પ્રમુખ ગમાજી ઠાકોર સહિત ૨૦૦ જેટલા હોદ્દેદારોએ રાજીનામાં આપી દીધા છે. આ મુદ્દે કાર્યકરોનું ટોળું ગાંધીનગરમાં રજુઆત કરીને પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે આવ્યુંહતું. અને ગમાજી ઠાકોરને ટિકીટ આપવા માટે સૂત્રોચ્ચાર કર્યો હતો. પરંતુ તાલુકાના અગ્રણી કાર્યકરોને સાંભળવા માટે પ્રદેશ કાર્યાલયમાં એક પણ નેતા હાજર નહોતા. સૂત્રોએ ઉમેર્યું હતું કે, ખંભાળિયા બેઠકની ટિકીટ ન મળતા પુનમબેન માંડમે રાજીનામું આપીને ભાજપમાં જોડાવવાની જાહેરાત કરી હતી. પુનમબેન સાંસદ વિક્રમ માંડમના ભત્રીજી છે.

કચ્છમાં પણ ટિકીટની ફાળવણી સામે તમામ બેઠકો પર વિરોધ ઉઠ્યો છે. લીંબાયતની બેઠક પર એનસીપીના ઉમેદવારને ટિકીટ આપવા સામે વિરોધ થયો છે. માંડવીમાં વસાવાને ટિકીટ આપવા સામે તાલુકા પંચાયતના પ્રમુખ ચૌધરી સહિત આગેવાનોએ રાજીનામા ધરી દીધા છે. સાવરકુંડલામાં સ્થાનિકને ટિકીટ નહીં અપાતા વિરોધ ઉભો થયો છે.

### કોના કોના રાજીનામા

| | |
|---|---|
| પ્રદેશ ઉપપ્રમુખ | ગિરીશ પરમાર |
| પ્રદેશ પ્રવક્તા | જયંતિલાલ પરમાર |
| પૂર્વ ધારાસભ્ય | ગુણવંત મકવાણા |
| પૂર્વ ડે. મેયર | ખેમચંદ સોલંકી |
| સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખ | ભલજીભાઈ સોલંકી |
| જૂનાગઢ જિલ્લા અગ્રણી | ગિરીશ કોટેચા |
| કલોલ તાલુકા પ્રમુખ | ગમાજી ઠાકોર |
| ખંભાળિયાના અગ્રણી | પુનમબેન માંડમ |
| માંડવી તા.પ્રમુખ | આનંદ ચૌધરી |

